<u>નવી બાબત ૨૦૨૦-૨૧</u>

ખાનગી પ્રાથમિક શાળામાં ભણતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તેમજ ગણવેશ સહાય આપવા બાબત.

રૂ.૧૨૮૦.૦૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૯/૬૧૬૮૯૦/ન.બા.૧૨/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૨/૦૭/૨૦૨૦

<u>વંચાણમાં લીધા:</u>

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૯/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૧૯-૨૦/૧૩૧૦૭-૦૮ અને તા.૧૭/03/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૧૯-૨૦/૧૯૯૬-૯૭

<u>ઠ રા વ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૧૯/૧૦/૨૦૧૯ અને તા.૧૭/૦૨/૨૦૨૦ના પત્રોથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાં સારો અભ્યાસ કરી શકે તેમજ ડ્રોપ આઉટ રેશીયો ઘટે તે હેતુથી ખાનગી શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પણ સરકારી/ગ્રાંટ ઇન એઇડ શાળા/ આશ્રમ શાળાના ધોરણે શિષ્યવૃતિ / ગણવેશ સહાય આપવા અંગે વિવિધ પદાધિકારીશ્રીઓ દ્વારા તથા અન્ય અરજદારો દ્વારા મળતી વારંવાર રજુઆતો અન્વયે દરખાસ્ત કરવામાં આવેલ હતી.જે નો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ધોરણ-૧ થી ૮માં ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની બીસીકે-૨/૭૧ પરિક્ષિતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ-૧ થી ૫ માં ભણતાં કુમાર તેમજ કન્યાને રૂા. ૫૦૦/- ની શિષ્યવૃત્તિ અને ધોરણ-૬ થી ૮ ધોરણમાં ભણતાં કુમારને રૂ.૫૦૦/- તથા ધોરણ ૬ થી

૮ ધોરણમાં ભણતી કન્યાને રૂ.૭૫૦/- શિષ્યવૃત્તિ સહાય તેમજ બીસીકે-૧૬ ગણવેશ સહાય યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૮ કુમાર અને કન્યાઓને ગણવેશ સહાય પેટે રૂ.૬૦૦/- એમ કુલ મળી રૂ.૧૨૮૦.૦૦ લાખની નવી બાબતને અન્ય કોઈ યોજના હેઠળ અપાતી ઉપરોક્ત સહાયના લીધે સહાય બેવડાય નહીં તે શરતે તેમજ નીચેની અન્ય શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧)આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નીઅંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) આ યોજના અંગેનું ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનું રહેશે.

(૧૨) બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના S.O.R. મુજબ નકશા/અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારી વહીવટી/ તાંત્રિક મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૪) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવું નહીં અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

(૧૬) નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧ થી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે નિયામકશ્રી (અનુસુચિત જાતિ કલ્યાણ) એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- SCW-1 શિષ્યવૃત્તિ અને પૂર્વ મેટ્રીક શિક્ષણ માટે પ્રોત્સહનો (શિષ્યવૃત્તિ, ગણવેશ, સાયકલ વગેરે) હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૪/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર.બલદાણિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડૉ.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦